# દશેલા માધવ ફાર્મ હાઉસમાંથી મહેફીલ માણતા ૧૪ યુવક-યુવતી ઝડપાયા

## પોલીસે મોંઘીદાટ ૬ કાર, મોબાઈલ, દારુની બોટલ સહિત ૧ કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર,તા.૨૦ ચિલોડા નજીક આવેલા દશેલા ગામના ફાર્મ હાઉસમાંથી દારુની મહેફિલ માણતા ૧૪ નવ યુવાન છોકરા-છોકરીઓ એલસીબી પોલીસના હાથે રંગેહાથ ઝડપાયા છે. માધવ ફાર્મ હાઉસમાં ૪ યુવતિ અને ૧૦ યુવકો ભાઈબંધના જન્મ દિવસની ઉજવણી માટે એકઠા થયા હતા.

રાત્રીના સમયે ગ્રામ્યના શાંત વિસ્તારમાં સંગીતના તાલે ઝુમતા, બુમો અને ચીચીયારીઓ પાડીને નાચગાન કરવુ યુવક યુવતિઓને મોંઘુ પડી ગયું હતું. ગાંધીનગર એલસીબી પોલીસે રેઈડ પાડીને તમામ યુવક-યુવતિઓને મોંઘીદાટ ૬ કાર, ત્રણ દારુની બોટલ, મોબાઈલ સહિત રૂ. ૧ કરોડના મુદ્દામાલ સાથે પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ દશેલા ગામની સીમમાં આવેલા માધવ ફાર્મ હાઉસના માલિક કુશલના પિતા જયેશભાઈ રતીલાલ પટેલ છે. અમદાવાદમાં વિવિધ સ્થળોએ રહેતા અને એન્જિનિયરીંગ અને સ્નાતક કક્ષામાં અભ્યાસ કરતા યુવક-યુવતિઓ પોતાના મિત્ર સ્મિતના જન્મ દિવસની પાર્ટીની ઉજવણી માટે એકઠા થયા હતા. રાત્રીના સુમસામ અંધકારમાં ફાર્મ હાઉસમાં સંગીતના તાલે યુવક-યુવતિઓ મહેફીલ માણી રહ્યા હતા. તે જ સમયે યુવક યુવતિઓના રંગમાં ભંગ પડ્યો હતો. પોલીસે યુવક-યુવતિઓને પકડતા ફોનની ઘંટડીઓ શરુ થઈ ગઈ હતી. એલસીબી પોલીસે રેઈડ પાડીને તમામ યુવક યુવતિઓને પકડી પાડ્યા હતા. જયારે ચિલોડા પોલીસે તમામ નબીરાઓનું રાત્રીના સમયે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે મેડીકલ ચેકઅપ કરાવ્યું હતું. પકડાયેલા તમામ સામે દારુ રાખવા અંગે પ્રોહિ કલમ ૬૬ (૧) બી, મેહફિલમાટે કલમ ૮૪ અને ગુનામાં મદદગારી માટે કલમ ૮૧ હેઠળ ગુનો નોંધાયો છે. પોલીસે તમામના મેડીકલ ટ્સેટ કરાવ્યો છે. ત્યારબાદ કયા નબીરાઓએ દારુ પીધો હતો અને કટેલા નબીરા સાદા હતી તેની જાણ થશે. ચિલોડા પોલીસે બે મર્સિડીઝ, બે ક્રેટા, ઈનોવા અને વર્ના કાર સહિત ત્રણ દારુની બોટલ, મોબાઈલ મળીને કુલ રૂ.૧ કરોડનો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.





### પકડાયેલા યુવક-યુવતીઓ

| | |
|---|---|
| કુશલ જયેશ પટેલ ઉં.વ.૨૨, | પટેલ વાસ, માધવ બંગ્લોઝ ચાંદલોડીયા |
| સ્મિત શૈલેષ ઉંદીય ઉં.વ.૨૨ | બ્લોક નં. ૨૫ રૂમ નં-૨૯૬ વિનાયક પેટ્રોલપંપની બાજુમાં નારણપુરા, |
| રાહુલ મોહન રાજગોર ઉં.વ.૨૨ | શાલીન બંગ્લોઝ થલતેજ |
| ધાર્મિક સુરેશપટેલ ઉં.વ.૨૨ | ૮૩ વૈભવ બંગ્લોઝ થલતેજ |
| હર્ષ નિલેશ કોઠારી, ઉં.વ.૨૨ | ૭ પ્રેરણાતીર્થ સેટેલાઈટ |
| હેત પરાગ શાહ ઉં.વ.૨૨, | ૧૦-ધરણીધર સોસાયટી, પાલડી |
| શેખર આશિષ કથુવા ઉં.વ.૨૩ | એચ-૨૦૨ શાંતિ નિકેતન એપાર્ટમેન્ટ મેમનગર |
| લવ અશોક પટેલ ઉં.વ.૨૦ વર્ષ | બી-૨૦૨ પંચરત્ન એપાર્ટમેન્ટ વસ્ત્રાપુર |
| પ્રેમ કપુરચંદ ચંદેલ ૨૪ વર્ષ | એ -૨ બાલચંદ્ર એપાર્ટમેન્ટ વાસણા |
| નિગમ પ્રહલાદભાઈ પટેલ, ઉં.વ.૨૭ | ૧૧ મલયવીલા બંગ્લોઝ સાયન્સસીટી |
| પ્રાચી વિશાલ સોની ઉંવ.૨૨ | મહાવીરબાગ એપાર્ટમેન્ટ આંબાવાડી. |
| રૂષાલી મૃગેશ પટેલ ઉં.વ.૧૯ | ૨૪ પાર્ક એવન્યું થલતેજ |
| શ્વેતા નિગમ ઠક્કર ઉં.વ.૨૫ | મલયવીલા બંગ્લોઝ સાયન્સ સીટી |
| રિદ્ધી કમલેશ શાહ ઉં.વ.૨૫ | દરીયાપુર કડીયાનગર મોટી પોળ |
| અંશુ વિનોદ તિવારી ઉં.વ.૨૨ | બી-૯૦૨ વાસુપુજય એપાર્ટમેન્ટ નારણપુરા |

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**જલ્દી જલ્દી ગરમ ગોટા પાંચસો ગ્રામ આપી દો... ડોક્ટરને ત્યાંથી આવું છું તેમણે મને ગરમ ગોટાનો શેક કરવા કહ્યું છે...**

## સમાજ કલ્યાણ અધિકારી બદલાયા

ગાંધીનગર, તા. ૨૦ ગાંધીનગર જિલ્લાના સમાજ કલ્યાણ અધિકારી ડી.એમ. ભાટિયાની તાત્કાલિક અસરથી જિલ્લા પંચાયત સાબરકાંઠા ખાતે બદલીના હુકમો કરાયા છે.

સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૨ની ખાલી પડેલ જગ્યાનો ચાર્જ સિનીયર કર્મચારી એમ.વી. પરમાર મદદનીશ સમાજકલ્યાણ અધિકારી વર્ગ-૩ને સોંપવામાં આવી છે.

સામાજિક ન્યાય અધિકારિતા વિભાગ દ્વારા આજે આ હુકમની બજવણી કરી દેવામાં આવતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. જોકે છેલ્લા ઘણા સમયથી ભાટિયા તેમની પાસે બે ચાર્જ હોવાથી જિલ્લાની કામગીરી પર થોડીક વિપરીત અસરો જરૂર પડી હતી.

## ભારત રત્ન રાજીવ ગાંધીની જન્મજયંતિ નિમિત્તે ઓમ લેન્ડમાર્ક શાળા ખાતે વૃક્ષારોપણ યોજાયો

ભારતના દિવંગત વડાપ્રધાન ભારત રત્ન રાજીવ ગાંધીની ૭૫મી જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ઓમ લેન્ડમાર્ક સ્કૂલ સંકુલ મોટા ચિલોડા ખાતે ૨૦મી ઓગષ્ટ-૨૦૧૯ મંગળવારના રોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ અમીતભાઈ ચાવડાની વિશેષ ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.



આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ગીરીશભાઈ રાવલે સૌ પ્રથમ સ્વાગત પ્રવચન કર્યુ હતુ. ત્યારબાદ મહાનુભાવોનું બુકેથી ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે ભારત રત્ન રાજીવ ગાંધીની જન્મજયંતિ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં પ્રમુખ અમિતભાઈ ચાવડાએ રાજીવ ગાંધીના જીવનકવન વિશે સંબોધન કરતાં વિદ્યાર્થીઓને માહિતીગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થી અક્ષય પગદર, અપેક્ષા ચૌધરી અને સેજલ રાઠોડે રાજીવ ગાંધીના જીવન પ્રસંગો અંગે આગવી શૈલીમાં વક્તવ્યો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં સૂર્યસિંહ ડાભી પ્રમુખ-ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ, મંગુબેન ચૌધરી પ્રમુખ જિલ્લા પંચાયત ગાંધીનગર, બળદેવજી ઠાકોર ધારાસભ્ય કલોલ, ડૉ. સી.જે. ચાવડા ધારાસભ્ય ગાંધીનગર ઉત્તર, હિમાંશુ પટેલ, બાબુસિંહ ઠાકોર, કામિનીબા રાઠોડ, જશુભા રાણા, નિશિત વ્યાસ, અરવિંદસિંહ સોલંકી, જયદીપસિંહ ઠાકોર, ગિરીશસિંહ ચાવડા, ઉન્નતિબેન જોશી, જીતેન્દ્રસિંહ સોલંકી, વિરેન પટેલ, મૂળચંદભાઈ રાઠોડ, નટવરસિંહ ડાભી, રોશનીબેન પટેલ, નૈતિક પટેલ, બાબુસિંહ સોલંકી વગેરે જિલ્લા અને તાલુકા કક્ષાના કોંગ્રેસના હોદ્દેદારો, સદસ્યો-કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાના હસ્તે શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કર્યુ હતુ. આ પ્રસંગે શાળાના ૧૭૦૦ બાળકોએ એક બાળ એક વૃક્ષ વાવી ૧૭૦૦ રોપા વાવી વૃક્ષ ઉછેર અને જતન અંગે શપથ લીધા હતા. આ પ્રસંગે ઓમ લેન્ડ માર્કના તમામ વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. અંતમાં આભારવિધિ ગુજરાતી માધ્યમના પ્રિન્સિપાલ લલિત અગ્રવાલે કરી હતી.




મુખ્યમંત્રી શહેરી સ્વર્ણિમ યોજના અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાને આજે રૂ. ૧૬ કરોડ ૩૭ લાખનો ચેક રાજ્યના મુખ્યમંત્રી વિજયનભાઈ રૂપાણીના હસ્તે મેયર શ્રીમતિ રીટાબેન પટેલ અને મ્યુનિ. કમિશ્નર ડૉ. રતનકંવર ગઢવી(ચારણ)ને એનાયત થયો તે પ્રસંગની તસ્વીર.

## આઠ સિનીયર કલાર્કને નાયબ ચીટનીસ સંવર્ગમાં બઢતી અપાઈ

ગાંધીનગર, તા. ૨૦ ગાંધીનગર જિલ્લા પંચાયતની તાજેતરમાં મળેલ ખાતાકીય પસંદગી સમિતિમાં ૮ જેટલા સિનીયર કલાર્કને નાયબ ચીટનીસ તરીકે બઢતી આપી તેમને વિધિવત્ નિમણુંક આપતા હુકમો આજે સાંજે જારી કરવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયતની ખેતીવાડી શાખામાં ફરજ બજાવતા કે.પી. નાયકને તા.પં. માણસા ખાતે, એમ.કે. ચૌધરીને પ્રમુખના કાર્યાલયમાં જ બઢતી આપી ચાલુ રાખવામાં આવ્યા છે. બી.પી. મોદીને ખેતીવાડી શાખામાંથી બદલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ખાતે, એમ.પી. પરમારને બ્લોક હેલ્થ કચેરી કલોલથી બદલી તા.પં. કલોલ ખાતે, વી.ટી. સોનીને રોડ પ્રોજેક્ટમાંથી બદલી પંચાયત-૧માં, એચ.ડી. જોશીને મા.મ.પેટા વિભાગ દહેગામથી બદલી તા.પં. દહેગામ, આર.બી. ચૌહાણને તા.પં. ગાંધીનગરથી બદલી મહેસુલ-૨ની ખાલી જગ્યાએ તેમજ બી.વી. વાઘેલાને મહેકમ-૧થી બદલી પંચાયત-૨ માં મુકવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયતમાં બઢતીના આ હુકમો થતાં કર્મચારી આલમમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે. બદલી પામેલા કર્મયોગીઓ સોમવારે તેમની નવી જગ્યાનો ચાર્જ સંભાળશે તેમ કર્મચારી વર્તુળોમાં થતી ચર્ચા પરથી જાણવા મળેલ છે.



## ગેનાભાઈ પટેલ તથા વલ્લભભાઈ મારવાણિયાએ રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૦ ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતે પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત ગુજરાતના બે પ્રગતિશીલ ખેડૂતોની શુભેચ્છા મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, ખેતીમાં નવા નવા પરિણામલક્ષી પરિવર્તનોથી ખેડૂત અને ખેતી સમૃદ્ધ થાય છે.

ગુજરાતના દિવ્યાંગ એવા બનાસકાંઠા પંથકના પ્રગતિશીલ ખેડૂત અને દાડમની ખેતી દ્વારા આ વિસ્તારમાં બાગાયતને નવી દિશા આપનારા પદ્મશ્રી ગેનાભાઈ પટેલ અને જૂનાગઢ વિસ્તારમાં નવાબીકાળથી ખેતી કરતા અને ખાસ કરીને ગાજરની શ્રેષ્ઠ જાત વિકસાવનારા પ્રગતિશીલ ખેડૂત અને પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત વલ્લભભાઈ મારવાણિયાએ ખેડૂત આગેવાનો સાથે રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

રાજયપાલશ્રીએ આ ખેડૂતોની સિદ્ધિને બિરદાવી પ્રગતિશીલ ખેડૂતો અન્ય કૃષિકારો માટે પ્રેરણાસ્ત્રોત છે એમ પણ જણાવ્યું હતું.

## પૂજ્ય જીવરાજ બાપુને મુખ્યમંત્રીની શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૨૦ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સૌરાષ્ટ્રના તીર્થ સેવાધામ સતાધારની આપા ગીગા જગ્યાના મહંત પૂજ્ય જીવરાજ બાપુના દેહવિલય અંગે દુઃખની લાગણી વ્યકત કરી સદગતને ભાવાંજલી પાઠવી છે.

વિજયભાઈ રૂપાણીએ પૂજ્ય જીવરાજ બાપુએ ઈશ્વરભકિત સાથે જનસેવા અને પરમાર્થના કાર્યોમાં લીન રહી જે સેવા સુવાસ પ્રસરાવી છે તેની સરાહના કરતાં જણાવ્યું કે તેમના કૃપા આશિષ ગુજરાત પર સદાય વરસતા રહેશે.

મુખ્યમંત્રીએ પૂજ્ય જીવરાજ બાપુના સાથે પોતાની તાજેતરની પ્રત્યક્ષ મુલાકાતના સંસ્મરણો પણ તાજા કરી શ્રધ્ધાંજલી પાઠવી છે.



ગાંધીનગર શહેરના સે. ૨-સી ખાતે આવેલ ચાણક્ય પ્રી સ્કૂલ દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ.

## ગુજરાત રાજ્ય યોગ બોર્ડમાં અધ્યક્ષ અને બિનસરકારી સભ્યોની નિમણુંક

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષ સહિત પાંચ બિનસરકારી સભ્યોની નિમણુંક કરી છે.

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગે આ અંગે જારી કરેલા ઠરાવમાં જણાવાયાનુસાર આ બોર્ડના અધ્યક્ષ તરીકે અમદાવાદના શીશપાલ શોભરામ રાજપૂતની નિમણુંક કરવામાં આવી છે. બોર્ડના અન્ય બિનસરકારી સભ્યો તરીકે સર્વ ભાનુકુમાર નરોત્તમદાસ ચૌહાણ, પ્રકાશભાઈ પુરૂષોત્તમભાઈ ટિપરે, ડૉ. ચન્દ્રસિંહ ગંભીરસિંહજી ઝાલા અને હિમાબહેન મેહુલભાઈ પરીખની નિમણુંક કરવામાં આવી છે.

## સમાજના વિવિધ વર્ગના અગ્રણીઓ ભાજપમાં જોડાયા

ભારતીય જનતા પાર્ટીમાં જુદા જુદા વર્ગના લોકો અને કલાકારોના પ્રવેશવાનો સિલસિલો જારી રહ્યો છે. આજે ભાજપ પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીની ઉપસ્થિતિમાં કલમલ કોબા ખાતે બેઠક યોજાઈ હતી જેમાં અમદાવાદ સ્થિત સોલા ભાગવત વિદ્યાપીઠના શાસ્ત્રી કૌશિક જોશી, શાસ્ત્રી હરેશભાઈ જોશી તથા ભાગવત વિદ્યાપીઠના ૧૫૦ ઋષિકુમાર ઉપરાંત યુવા ઉદ્યોગપતિ રવિભાઈ પટેલ ભાજપમાં જોડાયા હતા. તમામને પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ આવકાર આપ્યો હતો. જીતુ વાઘાણીએ કહ્યું હતું કે, હાલ સમગ્ર દેશમાં ભાજપના સંગઠન પર્વ ૨૦૧૯ હેઠળ ઉત્સાહિત માહોલમાં સભ્ય વૃદ્ધિ અભિયાન ચાલી રહ્યું છે. સમગ્ર દેશમાંથી સમાજના તમામ વર્ગના લોકો ગૌરવભેરરીતે ભાજપમાં જોડાઈ રહ્યા છે. આ તબક્કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા ગૃહમંત્રી અમિત શાહના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર દ્વારા અખંડ ભારત અને રાષ્ટ્ર નિર્માણની દિશામાં એક પછી એક નિર્ણયો કરવામાં આવી રહ્યા છે. આવા નિર્ણયોના પરિણામ સ્વરુપે જનસેવાના ભાવથી અનેક નામી નાગરિકો ભાજપમાં જોડાઈ રહ્યા છે. રાષ્ટ્ર પ્રથમની વિચારધારાથી તમામ લોકો પ્રભાવિત થઈ રહ્યા છે. ભાજપમાં જોડાયેલા તમામે પોતપોતાની પ્રતિક્રિયાઓ આપી હતી. બીજી બાજુ ભાજપના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી વી સતિષ અને અન્યોની ઉપસ્થિતિમાં કમલમ ખાતે સંગઠન સહરચના કાર્યશાળા યોજાઈ હતી જેમાં વી સતિષે કહ્યું હતું કે, ભાજપ પ્રત્યે દેશની જનતાની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ વધી રહી છે. વૈશ્વિક રાજનીતિમાં ભારત હવે ગ્લોબલ લીડર બની રહ્યું છે. દેશની જનતામાં સરકાર પ્રત્યેનો વિશ્વાસ દૃઢ બની રહ્યો છે.









ગાંધીનગર તાલુકાના ગિયોડ ગામે પ્રા. શાળાના સંકુલમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન પટેલ(ચૌધરી)એ આજે રાજીવ ગાંધીની ૭૫મી જન્મ જયંતિ પ્રસંગે યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમમાં હાજરી આપી હતી. જ્યારે બીજી તસવીર કલોલ તાલુકાના જામળા ખાતે વાસુદેવ હાઈસ્કૂલના પ્રાંગણમાં રાજીવ ગાંધીની ૭૫મી જન્મ જયંતિ પ્રસંગે યોજાયેલ વૃક્ષારોપણમાં ૨૫ થી વધુ લીમડાઓનું વાવેતર કરી અને નિમકુંજ નિર્માણનો સંકલ્પ કરાયો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહી અને વૃક્ષારોપણ કર્યુ હતુ. ત્રીજી તસવીર સ્વ. રાજીવ ગાંધીની ૭૫મી જન્મ જયંતિની ઉજવણી અંતર્ગત ગાંધીનગર તાલુકાના પોર ગામે આજે વૃક્ષારોપણનો કાર્યક્રમ પ્રા. શાળામાં યોજાયો હતો. જેમાં પ્રદેશમંત્રી ડૉ. હિમાંશુ પટેલ, જિલ્લા સદસ્ય બેચરજી ઠાકોર, જવસિંહ ચારેલ, તાલુકા સદસ્ય પ્રકાશભાઈ વાણીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા**

**જાહેર નિવિદા નં. ૦૨/૨૦૧૯-૨૦**

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ મોડાસા (ફોન નં. ૦૨૭૭૪-૨૫૦૦૨૦) દ્વારા સુવિધાપથ યોજના-૨૦૧૮-૧૯ હેઠળ ધનસુરા તાલુકાના કન્સ્ટ્ર. ઓફ ભેંસાવાડા એપ્રોચ રોડનું કામ જેની અંદાજીત કિંમત ૧૧૪.૪૭ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડર માંગવામાં આવે છે. જે વેબસાઈટ ર્ઁ:// હિિ.હૅજ્રિૈી.ર્ષ્ઠ ઉપર તા. ૨૨/૮/૨૦૧૯ થી ૩/૯/૨૦૧૯ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ ુ.જંટ્ઠીહઙ્મીજિ.ર્ષ્ઠ ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

નામાનિ/હિંમત/૧૯૩/૧૯